પત્રિકા
૧૧૭

# ચિરાગે હિદાયત

૨૮/૦૭/૧૭
૦૪ ઝિલ્કાદ

## ઈમામે ઝમાના(અ.સ.)ના અન્સાર

اَللّٰهُمَّ اجْعَلْنِيْ مِنْ اَنْصَارِهٖ وَاَعْوَانِهٖ

**“બારે ઈલાહા! તું મને ઈમામ(અ.સ.)ના નાસીરો અને મદદગારોમાં શુમાર કર.”**

અઝીઝો! આ જુમલા દુઆએ અહદના છે જેને દરરોજ નમાઝે સુબ્હ બાદ પડવાની તાકીદ કરવામાં આવી છે. આ દુઆની ખુસુસીયાત એ છે કે જો કોઈ શખ્સ સતત ૪૦ દિવસ સુધી દરરોજ ફજરની નમાઝ બાદ આ દુઆ પઢે. તો તેનો શુમાર ઈમામ(અ.સ.)ના મદદગારોમાં થશે અને જ્યારે ઈમામ(અ.સ.)નો ઝહૂર થશે અને જો તેનો ઈન્તેકાલ થઈ ગયો હશે તો તેને કબ્રમાંથી ઉઠાડવામાં આવશે અને તેને ઈમામ(અ.સ.)ના અન્સારોમાં શામીલ કરવામાં આવશે. જ્યારે આપણે આ દુઆ કરતા હોઈએ અને આ ઈચ્છા રાખતા હોઈએ તો પછી એ પણ જાણવું જરૂરી છે કે ઈમામ(અ.સ.)ના અન્સારો કેવા હોય છે? અને તે લોકોની ખુસુસીયાત શું હોય છે? જેથી કરીને આપણે પણ આપણી અંદર તે સિફતોને પૈદા કરીએ.

## ઈમામ(અ.સ.)ના અસ્હાબોની સિફતો

૧) તેઓ ઈબાદત ગુજાર હશે. તેમની પેશાની ઉપર સજદાના નિશાન હશે. નમાઝને પાબંદી સાથે અવ્વલે વક્ત પઢતા હશે. તેઓ રાતભર જાગીને ઈબાદત કરતા હશે.

૨) તેઓ મોઅલ્લીમને કુરઆન અને હામીલે કુરઆન હશે એટલે કે કુરઆન જાણવાવાળા અને કુરઆન શિખવાડવાવાળા હશે.

હઝરત અલી(અ.સ.) ફરમાવે છે, **“હું જોઈ રહ્યો છું કે મારા શિયાઓ કે જેઓ મસ્જીદે કુફામાં જુદા જુદા ખૈમાઓ નાખીને કુરઆનનો દર્સ આપી રહ્યા છે.”**

૩) તેઓ ઈમામ(અ.સ.)ને દિલથી ચાહતા હશે. ઈમામ(અ.સ.) પ્રત્યે તેમની મોહબ્બત જઝબાતના આધારે નહી હોય બલ્કે તેઓ ઈમામ(અ.સ.)ની ઉંડી માઅરેફત ધરાવવાના કારણે હશે. તેઓ ઈમામ(અ.સ.)નો પડ્યો બોલ ઝીલી લેતા હશે. ઈમામ(અ.સ.)ની સામે ચું કે ચાં નહી કરતા હોય અને ઈમામ(અ.સ.)ની દરેક વાતોને તસ્લીમ કરતા હશે.

* ઈમામ(અ.સ.)ના અસ્હાબોના દિલમાં એકબીજા પ્રત્યે મોહબ્બત હશે. કિનો કે અદાવત નહીં હોય. મોટાઓ નાનાઓનું ધ્યાન રાખતા હશે, નાનાઓ મોટાઓનો એહતેરામ રાખતા હશે.

એક હદીસમાં ઈમામ સાદિક(અ.સ.) ફરમાવે છે, **''જે કોઈ ચાહતો હોય કે તેનો શુમાર ઈમામે કાએમ(અ.સ.)ના મદદગારોમાં થાય તો તેણે (૧) ઈન્તેઝાર કરવો જોઈએ, (૨) વરઅ સાથે અમલ અંજામ આપવો જોઈએ અને (૩) તેણે શ્રેષ્ઠ અખ્લાક કેળવવા જોઈએ અને આ જ સાચો મુન્તઝીર છે.''**

*** ઈમામ(અ.સ.)એ આ હદીસમાં ઈમામ(અ.સ.)ના મદદગારોની ત્રણ જવાબદારીઓ બતાવી છે :**

*૧) ઈન્તેઝાર કરવો :–* આપણે ઈમામ(અ.સ.)નો ઈન્તેઝાર એવી રીતે કરીએ જેવી રીતે આપણો કોઈ અઝીઝ આપણાથી દૂર હોય અને તેના માટે રાહ જોતા હોઈએ, તેની ગેરહાજરીનો અહેસાસ કરતો હોય. આથી આપણા માટે જરૂરી છે કે દરેક મૌકા ઉપર ઈમામ(અ.સ.)ને યાદ કરીએ, તેમના માટે દુઆ કરીએ. સવાર અને સાંજ તેમના ઈન્તેઝારમાં પસાર કરીએ.

*૨) વરઅની સાથે અમલ કરવો :–* વરઅ એટલે તકવાથી ઉંચી મંઝિલ, તકવા એટલે વાજિબાતની અદાયગી અને હરામ કામથી દૂર રહેવું પરંતુ વરઅ તેનાથી પણ ઉંચી મંઝીલ છે.

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે, ''અય અલી(અ.સ.)! જેની અંદર આ ત્રણ

સિફતો ન જોવા મળે તેમના કોઈ પણ અમલ દુરૂસ્ત નથી :

૧) એવો તકવા જે તેને અલ્લાહની મઅસીય્યતથી રોકે,

૨) એવું ઈલ્મ જે બેવકુફોની જેહાલતને દૂર કરી શકે,

૩) એવી અકલ જેનાથી તે લોકો સાથે મીલનસારીથી પેશ આવે.''

*૩) શ્રેષ્ઠ અખ્લાક કેળવવા જોઈએ :–* ઈમામ(અ.સ.)એ આપણને બેહતરીન અખ્લાક રાખવાની તાકીદ કરી છે. લોકોની બૂરાઈ ન કરે, ગીબત ન કરે, તોહમત ન મૂકે અને પછી ઈમામે ઝમાના(અ.સ.)ના મદદગારોમાં શુમાર થવાની ઉમ્મીદ રાખે.

## ઈમામ(અ.સ.)ને કેવા અસ્હાબોની જરૂર છે?

આવો આપણે જોઈએ ઈમામ (અ.સ.) કેવા મદદગારો અને અસ્હાબોની આશા કરે છે :–

હાજી આકા તવકકલી મશહદના રહેવાવાળા બયાન કરે છે કે ''એક દિવસ હું નમાઝે સુબ્હ અને તેની તઅકીબાત બજાવી લાવ્યો અને ઘરે જઈને સૂઈ ગયો ત્યારે મેં સ્વપ્નમાં જોયું કે હું મુસાફરખાનામાં એક જુની મસ્જિદમાં ખાકે શિફા પર માથું રાખીને લગભગ એક કલાક સુધી સજદામાં રોતા–રોતા ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહુર માટે દુઆ કરી રહયો હતો. જયારે મેં સજદામાંથી સર ઉઠાવ્યું તો જોયું કે મારી જમણી બાજું અમુક લોકો બેઠા–બેઠા ઈમામ(અ.સ.) ઝુહુર માટે દુઆ કરી રહ્યા હતા. ત્યારે મેં અચાનક જોયું કે મસ્જિદની દિવાલ તરફથી હઝરત બકીયતુલ્લાહ ઝમાનાના ઈમામ(અ.સ.) મસ્જિદમાં દાખલ થયા. પરંતુ એટલા રડી રહયા હતા કે આંખોથી આંસુ બંધ ન થતા હતા.

ઈમામ(અ.સ.) મારી પાસે આવ્યા અને મને ગળે લગાડ્યો, ઘણીવાર સુધી રડતા રહ્યા. પછી મેં પૂછ્યું ''અય ઈમામ! આપ શા માટે આટલું બધું રડી રહ્યા છો?''

ઈમામ(અ.સ.)એ જે જવાબ આપ્યો, "તે દરેક વખત કરતા જુદો હતો, અલગ હતો, પહેલા જ્યારે પણ ઈમામ(અ.સ.)ને તેમના રડવાનું કારણ પૂછવામાં આવતું તો આપ કહેતા કે હું મારા જદ્દ મઝલૂમ ઈમામ હુસૈન(અ.સ.) માટે રડી રહ્યો છું, પરંતુ આ વખતે તેમને ત્યાં બેઠેલા શિયાઓ તરફ ઈશારો કરીને ફરમાવ્યું કે આ લોકો માટે રડી રહ્યો છું.

આ મારા શિયાઓ મારા ઝહૂર માટે રડી રડીને દુઆ કરે છે પણ પછી બેસીને લોકોની ગીબત કરે છે, લોકોની ઉપર તોહમતો અને બોહતાન લગાડે છે, તેમના આ કાર્યો મારા દિલને જલાવે છે. મને તકલીફ પહોંચાડે છે અને મને ગમગીન કરે છે.

આ લોકો ઉપર અફસોસ કરૂં છું તેમના માટે રડું છું અને દુઆ કરૂં છું. અય પરવરદિગાર! તું તેમના ગુનાહોને માફ કરી દે અને તેમને કોઈ મુસીબતમાં મુબ્તેલા ન કરતે.

પછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું કે આ લોકોને કહો કે શું મોહબ્બતનો આ તકાઝો છે કે તેઓ પોતાના દોસ્તને દુઃખ પહોંચાડે, તેના ગમમાં વધારો કરે. જ્યાં સુધી તમારાથી શક્ય હોય મારો આ પયગામ મારા શિયા દોસ્તો સુધી પહોંચાડો. એટલા માટે કે ગીબત અને તોહમત ઈન્સાનને કુફ્રની નજદીક પહોંચાડી દે છે. તેથી આવા કામથી દૂર રહો, અલ્લાહ પાસે તૌબા કરો, અલ્લાહ તૌબા કરવાવાળાને દોસ્ત રાખે છે.

અઝીઝો! આવો અલ્લાહ પાસે દુઆ કરીએ કે અલ્લાહ આપણા ગુનાહોને માફ કરે અને ઈમામ(અ.સ.)ના મદદગારોમાં શુમાર થવા માટેની સિફતોને અપનાવવાની આપણને તૌફીક આપે અને ઈમામ(અ.સ.)ના ઝહૂરમાં જલ્દી કરે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com